ક્રમાંક–૧

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**ગુરુવાર, તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪**

નામદાર રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.
(રાજ્યપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૩૫ મિનિટના વિરામ બાદ)
માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષપદે
બપોરના ૧–૧૫ વાગ્યે સભાગૃહની બેઠક મળી.
(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદે માતરમ્'' રાષ્ટ્રગીતની ધૂન વગાડી કરવામાં આવી.)

**૧. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી નરેશભાઇ પટેલે સભ્યશ્રી કેશાજી ચૌહાણના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

**૩. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ તથા ગુજરાતના પૂર્વ સભ્યો સ્વ.શ્રી નાથાભાઇ દેવજીભાઇ પટેલ, સ્વ.શ્રી મોહનદાસ નેમચંદ શાહ, સ્વ.શ્રી સુનિલ બાલકૃષ્ણભાઇ ઓઝા, સ્વ.શ્રીમતી જ્યોત્સનાબેન જીતેન્દ્રભાઇ સોમાણી અને સ્વ.શ્રી ધનજીભાઇ ગોવિંદભાઇ સેંધાણીના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, સભ્યશ્રીઓ શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી, શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, શ્રી અનિરુદ્ધભાઇ દવે, મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ, સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા તથા શ્રી ફતેસિંહ ચૌહાણે શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૨) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૩) નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૫–૧૬નો ઓડિટ અહેવાલ અને તેના પર લેવાયેલ પગલાનું નિવેદન તથા વાર્ષિક હિસાબ

**......માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલ**

(૪) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ

**......માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત**

(૫) ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો સન ૨૦૨૧-૨૦૨૨નો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૬) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી**

**૫. અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૬. સભ્યશ્રીના રાજીનામા અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત (નિયમ-૨૬૯)**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્ય શ્રી ભૂપેન્દ્રભાઇ ભાયાણી, ડો. સી.જે.ચાવડા, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને શ્રી ચિરાગકુમાર પટેલના રાજીનામા અંગેની જાહેરાત કરી.

**૭. કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**૮. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**૯. સરકારી વિધેયક**

માનનીય મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૪નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા (કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)

( પ્રવચન અધૂરું )

**(વિરામ બપોરના ૨-૩૬થી ૩-૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી અમિત ચાવડાએ અધૂરું રહેલું પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી વી.ડી. ઝાલા
(૩) શ્રી ઉદય કાનગડ
(૪) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૫) શ્રી સી.કે.રાઉલજી
(૬) શ્રી વિનોદભાઇ મોરડિયા
(૭) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૮) શ્રી કેશુભાઇ પટેલ
(૯) શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી
(૧૦) શ્રી અમૃતજી ઠાકોર
(૧૧) શ્રી ઉમેશભાઇ મકવાણા

ચર્ચાનો જવાબ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ થી ૪, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ થી ૪, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને સુધારેલ વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૦. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

આવતીકાલે બજેટ પૂરું થયા પછી વિધાનસભાના ચોથા માળે આવેલ શાસકપક્ષ ખંડમાં સ્કૂલ ઓફ અલ્ટીમેટ લિડરશીપ અંતર્ગત બજેટને સમજવા અંગેના એક સેમિનારના આયોજન અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**સભાગૃહ, શુક્રવાર તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૪–૨૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.